Barcode - 99999990870066
Title - Imam Mahendi Kyare Jaher Thashe
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 30
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 087006

# ઈમામ મ્હેદી—

ક્યારે

# જાહેર થશે ?



છપાઈ:—મોટ પ્રેસ

નકલ ૫૦૦.

છપાવનર,

ઈ. ઈ. 'સ્નેહ મંડળ' (વરધા)

કિંમત ૦)– આનો.

ગુજરાત વિદ્યાપીઠ [illegible]
અમદાવાદ
ગુજરાતી [illegible] સંગ્રહ

# બે બોલ.

ઈસ્માઈલી સતપંથ પ્રકાશ'ના માસ બાહરવા ૧૯૮૬ના અંકમાં 'ઈમામ મેંદી ક્યારે જાહેર થશે.' નો લેખ વાંચતા અમોએ ધાર્યું કે એ લેખ આજના જમાનાને આબાદ લાગુ પડે છે અને તેથી આપણા ભાઈઓમાં તેનો વધુ ફેલાવો થાય એવા હેતુસર અમોએ તેને જુદા પેમ્ફ્લેટના રૂપમાં છપાવી બહાર પાડેલ છે.

અમો બાળકોએ સ્થાપેલ આ મંડળના આ પ્રથમ કાર્યને દીનબંધુઓ માનની નજરથી જોશે અને આ પેમ્ફ્લેટ વાંચી યોગ્ય સાર ગ્રહણ કરશે.

લા૦ **શી. ઈ. ઈ. સ્નેહ મંડળના**
મેમ્બરોના યા અલી વાંચશો.

# गूज़रात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराईट विभाग ]

अनुक्रमांक ૮૨૨૯ वर्गांक

पुस्तकनुं नाम ગ્રામ [illegible]

विषय પ૭૨૬:૬

# ઈમામ મ્હેંદી ક્યારે જાહેર થશે?

લખનાર:-શા૦ "હુદા."

દુનીયા ઉપરના મુખ્ય ધર્મવાળાઓ કબુલ કરે છે કે જ્યારે અધર્મનું જોર વધે છે, અને દુનીયામાં અન્યાય, જુલમ, દગાબાજી વગેરેનો કહેર ગરમ હોય છે, ત્યારે એક મહાન અજીત વ્યક્ત પ્રગટ થઈ એ શયતાની કહેર શોરનો જબરદસ્ત બળથી વિનાશ કરી ન્યાય, દયા, નીતિ, અને ધર્મથી દુનીયાને ભરી દે છે.

હિન્દુ સનાતનીઓ નીકલંકી ઇશ્વરને દશમા અવતાર પ્રગટ થવાની વાટ જુએ છે, જ્યારે ઇસાઇઓ હ૦ ઈસાની આવવાની તેમજ ઇસ્લામીઓ ઈમામ મ્હેંદી આવવાની વાટ જુએ છે.

નકલંકીનો અર્થ કલંક રહીત અથવા કલંક રહીત કરનાર થાય છે, એટલે દુનીયા પર વધી ગયેલા અનીતિ, જુલમ અત્યાચાર રૂપી કલંક નાબુદ કરનારને નીકલંકી ગણીએ તો ભાવાર્થ જોતાં ખોટું નહી ગણાય.

મ્હેંદીનો અર્થ હાદી અથવા હીદાયત કરનાર થાય છે, યાને દુનીયાને અધર્મ તરફથી વાળી ધર્મ તરફ વાળનાર થાય છે.

આ પ્રમાણે અર્થ જોતાં દુનીયામાં જ્યારે અનીતી અને અધર્મનું જોર અતી-

શાય વધી પડશે ત્યારે એક એવો મહાન નર પેદા થશે જે અધર્મનો નાશ કરી ધર્મની સંસ્થાપના કરશે.

આ નર કોણ હશે? સનાતનીઓ તે નર શૂદ્ર જાતીમાં થશે એમ કહે છે એટલે મલેચ્છ કે જેઓને તેઓ શૂદ્ર ગણે છે, તેમાંથી પેદા થશે, એમ માને છે; મતલબ કે તેમની તે માન્યતા મુજબ તે નર ઇસ્લામી હશે, એવો અર્થ થઈ શકે છે, અને જ્યારે ઇસ્લામીઓ હ૦ મ્હેંદીના પ્રગટ થવાની વાટ જુવે છે, તો પછી તે બંને જુજવા રૂપે એકજ હો તો શક લઈ જવા જેવું નથી. ઇસ્લામીઓ હ૦ મ્હેંદીના જાહેર થવા પહેલાં હ૦ ઈસાના આવવાનું જણાવે છે, એટલે ટુંકમાં નાચેનો શ્લોક હ૦ મ્હેંદી માટે આબાદ લાગુ પડે છે કે:—

મલ્લાનામશનિર્નૃણાં નરહર: સ્ત્રીણાં
સ્મરો મુર્તિમાન,
ગોપાનાં સ્વજનોઽસતાં ક્ષિતિભુજાં
શાસ્તા સ્વપિત્રો: શિશુ: ।
મૃત્યુર્ભોજપતેર્વિરાડવિદુષાં તત્વં પરં
યોગિનામ
વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો રંગં
ગત: સાગ્રજ: ॥

અર્થ:—શ્રી કૃષ્ણ જ્યારે પોતાના વડા બંધુ બળદેવની સાથે કંસની સનમુખ રંગ ભુમીપર દાખલ થયા. ત્યારે ભીન્ન ભીન્ન લોકોએ શ્રી કૃષ્ણને ભીન્ન ભીન્ન રૂપે જોયા હતા મલ્લોએ વજ્ર જેવા જોયા હતા, ઉત્તમ મનુષ્યોએ એક મહાત્મા જેવા જોયા હતા. મથુરાની સ્ત્રીઓએ મુર્તીમાન કામદેવ રૂપે

જોયા હતા, ગોવાળીયાઓએ પોતાના સગાંના રૂપે જોયા હતા, દુષ્ટ માનવીઓએ દંડ દેનાર રૂપે જોયા હતા. માતપીતાઓએ બાળક સ્વરૂપે જોયા હતા, ભોજપતી કંસે મૃત્યુ રૂપે જોયા હતા, મુર્ખોએ લોહીથી ખરડાએલા હોવાથી બીભત્સ રૂપે જોયા હતા, યોગીઓએ પરમતત્વ રૂપે જોયા હતા, અને યાદવોએ પરમઇષ્ટદેવ રૂપે જોયા હતા.

( ચન્દ્રકાન્ત ભા૦ ૨ )

એ મુજબ જેવી રીતે જુદા જુદા પ્રકૃતીના માણસોને શ્રી કૃષ્ણ એકજ હોવા છતાં જુદા જુદા રૂપે જણાયા તે મુજબ એકજ **મહાન વ્યકિત** કે જે પ્રગટ થશે તે ક્રીશ્ચનોને **ક્રાઇસ્ટ** (હ૦ ઇસા) જેવા, મુસલામીઓને **હ૦ મહેંદી** જેવી અને હીન્દુઓને **નકલંકી** જેવી અગર તો અન્ય ધર્મીઓનું

પોતે વકી રાખતા કોઇ મહાન નર જેવી જણાશે.

એ મહાન વ્યક્તી જેને આપણે હ૦ ઈમામ મેહેંદી ગણીશું, તેઓના પ્રગટ થયા પહેલાં અનેક નીશાનીઓ જણાશે કે જે માટે જુદા જુદા શાસ્ત્રો નીચે મુજબ જણાવે છે.

## (૧) ગીતાની ભવિષ્ય વાણી.

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ
ભારત
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં
સૃજામ્યહમ ॥
(અ૦ ૪ શ્લોક ૭.)

અર્થઃ—જ્યારે જ્યારે ધર્મની પડતી

થાય છે અને અધર્મ વધે છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરૂં છું.

પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ
દુષ્કૃતામ ।
ધર્મ સંસ્થાપનાર્થાયિ સંભવામિ યુગે
યુગે ॥

(અ૦ ૪ શ્લોક ૮.)

અર્થ:-સત પુરૂષોના રક્ષણાર્થે દુષ્ટ લોકોનો નાશ કરવા માટે અને ધર્મ સ્થાપના કરવા માટે યુગે યુગે હું જન્મ લઉં છું.

## (૨) બાઇબલની ભવિષ્ય વાણી.

(૧૧) અને તે સમયે મહાન સરદાર મીકાયેલ જે તારા લોકોના પક્ષમાં ઉભો.

રહે છે, તે ખડો થશે, અને એવા સંકટનો સમય આવશે કે દેશ જાતી થઈ, ત્યારથી તે એ સમય સુધીમાં કદી આવ્યો નહતો.

(૧૨) અને જાશુકનું (દહનીયાંર્પણુ) દુર કરાઇને અને વેરાનકારક અમંગળ વસ્તુ ત્યાં રાખવામાં આવશે તે વખતથી એક હજાર બસેં અને નેવું (૧૨૯૦) દીવસ થશે.

(૧૩) જે વાટ જુએ છે તે એક હજાર ત્રણુસેં ને પાંત્રીસ (૧૩૩૫) દીવસે આવવાનો છે, તેને ધન્ય છે.

(દાનેયલ.)

## (૩) પાક કુરાને શરીફની ભવિષ્ય વાણી.

આયત—

વસતંમેઅ, યવમયોના દિલ મોનાદ-

યિમ, મકાનિન કરીબ, (૪૧)
યવમ યસ્ન ઉન રસયહ્કુન વિલ્ હકકે
ઝાલેકા યવ મુ ખોર્રુન, (૪૨)
(સુરેકાફ આ૦ ૪૧—૪૨ મી)

અર્થ:—અને તે દીવસે સાંભળ, કે જે દીવસે અવાજ કરનાર પાસેની જગ્યાએથી પુકારી બોલાવશે. (૪૧)

અને જે દીવસે તેઓ સત્ય માટે અવાજ સાંભળશે કે આ જહુરનો દીવસ છે.

## (૪) ઇસ્માઇલી ધર્મશાસ્ત્રની ભવિષ્ય વાણી.

પોરા આયા અલીશા તણા, ધરતી માંગે ભોગ.
એક મરે ખાંડે ને દુજા મરે રોગ.

* *

પીઠ પૃથવીનાં રાજા ઉથાપશે.
ત્યારે નજર કરે મોરો રાહ.

*　　*

અસવારી ટાંણુ આવશે,
ત્યારે થાશે એકજ વરણુ.

*　　*

ત્યારે વાતો મોટાની નહી માનશે,
એવો કલજુગ આવ્યો જોય.

*　　*

નાત પરનાતે થાશે નાતરાં,
ને ઘર સંપન હોય.

*　　*

અ.શાજી–હીન્દુ મુસલમાન સરવે એકઠા,
તે રૂપ કર્યા નારાયણજી,
સહુ કોઈ ધર્યાં એ સાંભળે,
પણ ઓળખ્યા વીના અંધારા–હરી.

આશાજી—મસજીદ માંહે જઇ બાંગજ દેશે.
ઉનકે દીલ માંહે એસાજી,
રસુલ વીના જો નમાજ ગુજારે,
તે વેળા હોએસે અંધારા—હરી.
આશાજી—ફરમાન વેળામાંહે અમર આવેઆ,
તીનકુ વીચારી ચાલોજી,
ઇમામ પાત્ર જે કોઇ આવે,
તીનકુ સહી કરી માનો—હરી.

## (૫) શેખશાનોશીની ભવિષ્ય-વાણી.

"મંય દેખ રહા હું કે, નવ મુસ્લેમ ઇસાઇ સલતનકી ફઉજે મેંહદવી નીશાન કે નીચે જરમનસે લડ રહી હય."

(ભા૦ ૧ પાનું-૨૫ ઇસ. ૧:૧૯)

હવે મજકુર ભવિષ્ય વાણી આપણે આજે ખરી પડી જોઇએ છીએ, જેમકે ઉપર ગીતામાં જણાવવામાં આવેલ છે કે, "અધર્મનું જોર વધે છે, ત્યારે હું અવતાર ધારણ કરૂં છું" અત્યારે દુનીયામાં અધર્મને અનીતી એટલી પ્રસરી ગયેલ છે કે, નવીન ફાટતા રોગોનું કારણ બીજું કાંઇ નહી જણાવતા દુનીયામાં વધી પડેલ અનીતી અને અધર્મનું આપવામાં આવે છે, દુષ્ટ લોકો અત્યારે ફાવી જતા ધર્મી લોકો બીચારા રીબાય છે, ટુંકામાં ગીતામાં જણાવેલ સમય અત્યારે જણાય છે.

બાઇબલની ભવીષ્ય વાણી ૧૯૧૪ માં ફાટી નીકળેલ મહાન જંગનો ઇસારો કરે છે અને તે સમય મજકુર ભવીષ્ય વાણીમાં જણાવ્યા મુજબની ગણવામાં આવે છે, તે

વાતના ટેકામાં દાનીયેલની ભવીષ્ય વાણી-માં ૧૩૩૫ દીવસનો ઇસારો હી૦ સ૦ ની સાલ માટે છે કારણ કે જાથુનું દહુનીયા-પણુ હ૦ મહમદ સ૦ ના વખતથી બંધ થયું છે, ત્યારથી એટલે ૧૩૩૫ વરસે જે થશે, તે મેહેંદી જાહુરને ધન્ય છે એમ બતાવે છે.

પાક કુરાને શરીફમાં સુરેકાફની આ-૪૧ જે ઉપર આપવામાં આવેલ છે તે જાહુરાત માટેના છે. અને તે આયતના અક્ષરોની અદદની ગણત્રી ૧૩૩૭ થાય છે એટલે કે તે ઈમામ મેહેંદીના જાહુરાતના વખત માટેનો ઇસારો છે.

દરમાદલી ધર્મશાસ્ત્રની પાંચસો વર્ષ પહેલાંની ભવીષ્ય વાણી ચાલુ જમાનાની

સ્થીતી આએહુબ ચીતરે છે. અને તે ઉપરથી ઇમામ મ્હેંદી કયારે જહુર થવા જોઇયે તે જણાય છે.

ટુંકમાં ઇમામ મ્હેંદીના જહુર થવા-ની નીશાનીઓ ચાલુ જમાનાને આબાદ લાગુ પડે છે. ઇસ્લામી આલેમો આ બાબત ખરી માને છે, અને ચાલુ જમાનાના શેર ફઉરને ઇમામ મ્હેંદી પ્રગટ થવા અગાઉ-ની નીશાનીઓ તરીકે ગણે છે, સુન્નત જમાયતની કીતાબ "હલાએલુન્નોબુવ્વત" કે જે દીલ્હીના પ્રીન્ટીંગ વર્કસમાં છપાએ-લી છે. અને શાહ રફીઉદ્દીન સાહેબ મોહ-દીસ દીલ્હીએ રચી છે. તેમાં કીઆમતની નીશાનીઓના પ્રકરણોમાં તેમનાજ આલીમો જેમકે "ઇમામ અહમલ હમ્બલ" "અબુ દાઉદ" અને "બહીકી"ના હવાલાથી ખરી

રવાયત લખી છે કે હ૦ સુબ્હાનલ રીવાયત છે કે હ૦ પયગમ્બર સ૦ મેં ફરમાવ્યું છે કે:—

"એક જમાનો એવો આવશે કે જેમાં ઇસ્લામી મુલકો કબજે કરવા માટે કાફેરો એક બીજાને એવી રીતે દાઅવત આપશે કે જેવી રીતે સુફરા ઉપર જમવા માટે બોલાવે છે."

"આ સાંભળીને કોઇએ અરજ કરી કે "યા રસુલીલ્લાહ" શું તે વખતે અમો (મુસલમાનો) શું થોડી સંખ્યામાં હોઇશું?" ફરમાવ્યું કે "નહીં બલકે તમો તે વખતે ઘણા હશો પણ તમારી એવી હાલત હશે કે તમારૂં હોવું નકામું હશે, અને પાણીની રેલ સામે તણખલા હોય તેમ તમે હશો દુશ્મનોની નજરોથી તમારો રોવાબ અને દબ-

મોંઓ ઉઠી જશે, અને તમારા દીલ સુસ્ત થઈ જશે."

આ સાંભળીને એક અસહાબીએ અરજ કરી કે અમારા દીલ કેવી રીતે સુસ્ત બની જશે? આપે ફરમાવ્યું કે તમો દુનીયાને દોસ્ત રાખશો [નાણું! નાણું! માલ! માલ! કર્યા કરશો અને તે મેળવવામાં તમામ શકતીઓ લગાડશો] અને મરવાથી બીશો (મરવું નહી ગમે.)

પછી એજ પ્રતાપમાં લખે છે કે ઇસ્લામના વીરોધીઓ જે "કુસ્તુન્તુન્યા" (કોન્સ્ટાન્ટીનોપલ) એટલે ઇસ્તમબોલનો કબજો કરી લેશે, તેથી રૂમનો શહેનશાહ પાયતખ્ત મુકીને શામના દેશમાં ચાલ્યો જશે.

તો એવા વખતમાં હ૦ મ્હેંદી સ૦ જાહેર થઇને અમુક જરૂરતોથી ફારેક થઇને ઇસ્તમબોલને છોડવા માટે રવાના થશે, અને અહીરએ રૂમમાં પહોંચીને બનીઇસહાકના કબીલાના સીંતેર હજાર શુરવીરોનો ફોજ ઉપર સ્વાર કરીને ઇસ્તમબોલ છોડાવા લઇ જશે, તેઓ ઇસ્તમબોલની કીલ્લાની પાસે પહોંચશે ત્યારે 'અલ્લા હો અકબર'નો નાઅરો નાદ કરશે તેથી ખુદાના નામની બરકતથી એ કીલ્લો પડી જશે, તે વખતે મુસલમાનો એકદમ યાહોમ કરીને શહેરનો કબજો લઇ લેશે.

તો આ પેશનગાઇ (ભવિષ્ય વાણી) માં જે ચાર બાબતો ફરમાવી છે તેમાં ત્રણ બાબતો થઇ ચુકી છે. (૧) ઇસ્લામી મુલક-ના ભાગલા પડયા, (૨) ઇસ્લામીઓનો

રોઆબ આદ્યો ગયો, (૩) ઇસ્તમબોલ ઇસ્લા ઓના કબજામાંથી નીકળી ગયું અર્થાત સત્તા બીજાના હાથમાં ગઇ, હવે ફક્ત ચોથી બાબત બાકી છે કે હ૦ મ્હેંદી જાહેર થઇને તેનો પાછો કબજો લશે, તો જયારે આગળની એવા વખતની ભવીષ્ય વાણી એ હજરતની ખરી પડી કે આપે ફરમાવેલું કે કયસર અને કિસ્રા (ઇરાન વિ૦)નો કબજો ઇસ્લામ મેળવશે, અને બારે ખજાને. હાથ આવશે અને એ વખતે એ રાજ્ય મહા બળવાન પુષ્કળ દોલતમંદ હતા. અને લશ્કર પણ ઘણું હતુ ઇસ્લામી ઘણા-જ થોડા હતા, તેમજ નાણાનુ બળ મોટા પ્રમાણમાં ન હતું, તો તે વખતે એ ભવી-ષ્ય વાણી ખરી પડવા વીશે ઘણાઓની અકલ કબુલ કરતી નહતી, છતાં એ ભવી-

બ્ય વાણી સચોટ ખરી પડી, અને ઇરાનનો કબજો ઇસ્લામીઓએ લીધો. તેમજ આ છેલ્લા જમાનાની ઉપરની ચાર બાબતોમાંની ત્રણ બાબતોની ભવીષ્ય વાણી પણ ખરી પડી છે, ત્યારે હવે ચોથી બાબત કે હ૦ મ્હેંદી સ૦ જાહેર થઇને કુસ્તમબોલનો કબ્જો લેશે તે શા માટે ખરી ન પડે? ઇન્સા અલ્લાહ જરૂર ખરી પાડશે."

ત્યાર બાદ મજકુર માસીક જણાવે છે કે—"તે સાથે ખુશી થવાની એ બાબત છે કે જે આપણી રાજકરતી કોમ છે; તેમના ખુદા સમાન પયગમ્બર, હ૦ મ્હેંદી (અ૦) ની મદદ માટે તેમને તાબે રહીને ઇસ્લામી આલમની મદદ કરશે, ત્યારે આપણી રાજકરતી કોમ તો આપણી સાથે દુધમા સાકર મળે તેમ ભળી જવી જુએ." તે બાદ તે જણાવે છે કે:—

"આ જે લખાણોમાંથી લીધું તેમાં એ સુન્ની બીરાદર છેવટે લખે છે કે એ ખોટા મ્હેંદી બનવા અને લોકોએ તપાસ કર્યા વીના તેમને માનવા ઇત્યાદીના ગુનાહના પરીણામે મહા ભારે મુશીબતો અને આફતોના ઘણા મુસલમાનો ભોગ થઇ પડયા છે, માટે એ જુઠા દાવેદારોને માનવાથી તોબાહ, કરે અને માફી ચાહે, કેમકે ખરા હ૦ મ્હેંદીનો ઝમાનો ઇસ્લામી મુલ્ક ગુમાવાનો નથી પણ આખી દુનીયામાં ઇસ્લામ સ્થાપવાનો ઝમાનો છે અને ખરા મ્હેંદી (શેખ કે મીરઝાં વી૦ નહી હોય) પણ સયદ અવલાદ ફાતેમાહ (અ૦) હશે"

ઉપર મુજબની આગાહીઓ અને ચાલુ જમાનાના મહાન કુદરતી ફેરફારો ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે ટુંક વખત-

માં ઈમામ મ્હેંદી જાહેર થશે ને ઈસ્લામ-
ની રક્ષા કરશે.

ઉપર મુજબ જુદા જુદા ધર્મશાસ્ત્રો-
ની આગાહીઓ અને હ૦ રસુલલ્લાહની
હદીસ ઉપરથી ઈમામ મ્હેંદીની વાટ જોના-
રાઓએ ઉંચા કાન અને સાફ નજર રાખી
જોવું જોઇએ કે કદાચ ઇમામ મ્હેંદી
જાહેર થઇ જાય અને તેઓ વાટ જોતાંજ
રહે, ઉપર ઇસ્લામી માસીકનો વરતારો
ઇમામ મ્હેંદીની વાટ જોનારાઓને ઈમામ
મ્હેંદીની ઓળખ માટે સબક આપે છે કેઃ—

" ઇમામ મ્હેંદી, સય્યંદે અવલાદે
ફાતેમાહ અ૦ હશે. આપણી રાજકર્તા
કોમ તેની મદદમાં હશે. અને તે ઇસ્લા-
મી મુલ્કો માટે કોશેશ કરતો હશે અને

તે ત્યારે ખરી રીતે પ્રગટ થશે કે જ્યારે અમુક જરૂરતોથી ફારેગ થશે ”

ત્યારે હાલના જમાનામાં તેવો ઇસ્લામી નર કોણ છે? અને કુલ્લે દુનીયાના ઇસ્લામીઓની નજર કોના ઉપર તાકી રહી છે? એ પ્રશ્નનો ખુલાસો વાંચક વર્ગની વિચાર શકતી ઉપર છોડી આ મહત્વનો વિષય ખતમ કરૂં છું.

આમીન.

# ઈસમાઇલી સતપંથ પ્રકાશ.

ધારમીક તથા સંસારીક બાબતો ચર્ચતું, ચાર વર્ષમાં લોકપ્રિય થયેલું માસીક દેશ પરદેશની આપણી જમાતની ખબરો પુરી પાડનારૂં આ એકનું એક વાજીંત્ર છે, ઉપરાંત વીધવીધ બાબતો ઉપર વીદ્વતા ભરેલા લેખો આપવામાં આવે છે આ માસીક દરેકે દરેક ઇસમાઇલીએ વાંચવા યોગ્ય છે. વારસીક લવાજમ પોસ્ટેજ સાથે હીંદુસ્તાન તથા મુંબઇના રૂા ૩, હીંદુસ્તાન બહારના દેશાવર માટે રૂ. ૪.

લખોઃ-

**મુખી લાલજીભાઇ દેવરાજ.**

ધી ખોજા સીંધી પ્રેસ, મુંબઈ નં ૯.

આ બુક મેનેજર વલીભાઇ નાનજીએ ધી
ખોજા સિંધી પ્રેસ, ૧૧૩ પાલખી
મહોલા, મુંબઇ, નંબર ૯ માં છાપી
અને શી. ઇ ઇ. સ્નેહ મંડળની
વતી એ૦ સે૦ મી૦ જુમા
ભાઈ જીવાએ વરધા
(બીરાર) માં પ્રગટ કરી.

## "શીયા ઈમામી, ઈસ્માઈલી"
## "સ્નેહ મંડળ."

માં નામ નોંધાવવા માટે સુચનાઓ.

### (એ પેત્રન.)

આ મંડળમાં એ પેત્રનમાં નામ નખાવનાર પાસેથી દર માસ ૧) રૂપીઓ તથા નામ નોંધાવવા વખતે રૂપીઓ ૧૧ લેવામાં આવશે, મંડળ તરફથી છપાતી દરેક ચોપડીઓ નં, ૧૦ ભેટ મળશે.

### (બી પેત્રન.)

નામ નખાવવા વખતે કંઇ પણ લેવામાં આવશે નહીં, નામ કઢાવવા વખતે ૧૧ રૂપીઓ લેવામાં આવશે, દર માસ આઠ આના, અને પાંચ બુકો ભેટ મળશે.

‘‘શીયા ઇમામી, ઇસ્માઇલી’

‘‘સ્નેહ મંડળ.’’

માં નામ નોંધાવનારા મેમ્બરોનાં ના

૧-ઓ૦ સેક્રેટરી, જુમાભાઇ જી

૨-મેનેજર, અબ્દુલભાઈ મામ

૩-ખજાનચી, અલ્લારખ્યા અલીભ

૪-મેમ્બર, ગુલામઅલી ખલ્ફાનભાઇ

( એડરેસ )

ખોજા જીવાભાઇ જમાલ,

C/O ખોજા જમાતખાના પાસે.

વરધા (બરાડ.)

Wardha C P.